દાદા ભગવાન પરિવારનું

માર્ચ ૨૦૨૫

# અક્રમ એક્સપ્રેસ



# બુદ્ધિ Vs હાર્ટ

## સંપાદકીય

બાળમિત્રો,

એક જગ્યાએ ગોળાકારમાં ભૂખ્યા અને તરસ્યા માણસો બેઠા હતા. એમની વચ્ચે જાતજાતની સ્વાદિષ્ટ વાનગીઓ રાખવામાં આવી હતી. બધાને ખાવા માટે લાંબી લાંબી ચમચીઓ અપાઈ હતી. ચમચીઓ ખાવાના તપેલા સુધી તો પહોંચી શકે એમ હતી, પણ વળીને એમના પોતાના મોઢા સુધી નહીં. એક બાળકે આ દૃશ્ય જોયું. એણે ત્યાં હાજર એક વડીલને પૂછ્યું, 'આ લોકો ભૂખ્યા કેમ છે ?' વડીલે કહ્યું, 'કારણ કે તેઓ ફક્ત પોતાનું જ વિચારે છે એટલે જ ખાવાનું એમના સુધી નથી પહોંચી શકતું. તને શું લાગે છે, એમણે શું કરવું જોઈએ ?' બાળકે તરત કહ્યું, 'જો બધા એકબીજાને ખવડાવે, તો કોઈ ભૂખ્યું નહીં રહે !'

બાળક પાસે શું હતું જેનાથી એણે બધાના હિતનું વિચાર્યું ? આપણી અંદર એવું તો કોણ છે, જે આપણને ફક્ત આપણા જ સુખ પાછળ દોડાવે છે ? ચાલો, આ અંકમાં જ્ઞાનીએ આપેલી સમજણ દ્વારા બુદ્ધિ અને હાર્ટના ફંક્શન્સને જાણીએ. મજેદાર વાર્તાઓથી બુદ્ધિ અને હાર્ટને વધુ ઓળખીએ અને જ્યાં છીએ ત્યાંથી હાર્ટિલી બનવાના રસ્તે એક સ્ટેપ આગળ વધીએ. સાથે સાથે આલુ-ચીલીની જર્નીમાં આગળ શું થયું તે પણ વાંચીએ.

-ડિમ્પલ મહેતા

અક્રમ એક્સપ્રેસ

March, 2025
Year 17, Issue : 07
Conti. Issue No.: 199
Published Monthly

સંપર્ક સૂત્રઃ
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.

© 2025, Dada Bhagwan Foundation
All Rights Reserved

Price Per Copy: NIL

# જ્ઞાનીઓ કહે છે...



બીજાની ભૂલ ના કાઢો ને એટલે હૃદય ખીલે અને બીજાની ભૂલ કાઢો એટલે બુદ્ધિ ખીલે.


હૃદયવાળાને બધા પોતાના જ લાગે. એ કહેશે, 'ચાલો પ્રેમથી રહીએ, એકબીજાને દુઃખ ના આપીએ, એકબીજાની ભૂલ ના કાઢીએ, આપણે જુદા નથી પડવું, ભેદ પાડવા નથી.' અને બુદ્ધિવાળો કમ્પૅરિઝન કરે, ભેદ પાડે, જુદું દેખાડે, હું જુદો અને એ જુદો કરી નાખે. એ શું કહેશે, 'જો એણે આવું ખોટું કર્યું ને ? એ દર વખતે કરશે, સમજતો જ નથી, સીધો કરવો પડશે.'


હૃદયવાળો કહેશે, 'સૌને સુખ મળો.' અને બુદ્ધિવાળો કહેશે, 'મને સુખ મળો અને પેલાનું જે થવું હોય તે થાવ.'

હૃદયવાળો પોતાના હિતની જેટલી કાળજી રાખે એટલી જ કાળજી સામાના હિતની પણ રાખે. બુદ્ધિવાળો પોતાના પક્ષવાળાની કાળજી રાખે અને પક્ષ વગરનાની કાળજી ના રાખે.

બુદ્ધિવાળો હંમેશાં ફાયદો-નુકસાન જુએ. એને એ જ પડેલી હોય કે પોતાનું સારું દેખાય, ઈમ્પ્રેશન પડે, વટ પડી જાય. હાર્ટિલી વ્યક્તિને એવી પડેલી જ ના હોય કે પોતાનું સારું દેખાય છે કે ખરાબ. એને તો બધાનું ભલું થાય એ જ પડેલી હોય અને એના માટે એ દિલથી કામ કર્યા કરે.




ભેદ પડાવે
એ બુદ્ધિ


એકતા રાખે
એ હાર્ટ.

# આ તો નવી જ વાત !


એક કોળિયો હું ખાઉં છું
તો એક કોળિયો સામાને
આપું. બધું સરખેસરખું
રાખે એ હાર્ટિલી હોય.


હાર્ટિલી હોય એ જેમ દૂધમાં સાકર સમાઈ જાય એમ બધે સમાઈ જાય.
આ તો નવી જ વાત !
બુદ્ધિવાળો કાંકરાની જેમ ખખડે, જુદો જ પડે.
પછી લોકો એને ઊંચકીને બહાર મૂકી દે.

# પ્રૉબ્લેમ વખતે...

'ખબરદાર જો આવી હાલતમાં તું ઘરની અંદર આવી છે તો !' માયામાસીએ અકળાઈને ઉર્જાને કહ્યું.

ઉર્જા માટીથી લથપથ દરવાજા પાસે ઊભી હતી. અને માયામાસીનું ઘર એટલું ચોખ્ખું હતું કે ધૂળનું એક કણ પણ શોધવું મુશ્કેલ પડે. તે જ વખતે એક ટૉવેલ લઈને ઉર્જાના નાની દોડતા દોડતા બહાર આવ્યા.

'બેટા, કપડાં આટલા ગંદા કેવી રીતે થઈ ગયા ?' નાનીએ પ્રેમથી ઉર્જાને સાફ કરી અને બાથરૂમ તરફ લઈ ગયા.

'સૉરી માસી, સૉરી નાની' ઉર્જાએ કહ્યું, 'એ તો છે ને...' એ આગળ બોલવા જતી હતી, પણ માયામાસી સાંભળ્યા વગર જ એમના રૂમમાં જતા રહ્યા.

નાનકડી ઉર્જા વેકેશનમાં એના માસીના ઘરે થોડા દિવસો માટે રહેવા આવી હતી. માસી એક ફૅશન ડિઝાઈનર હતા અને ઘણો ખરો ટાઈમ પોતાના કામમાં બિઝી રહેતા હતા. પણ ઉર્જાને એના નાની સાથે સમય વિતાવવો બહુ જ ગમતો હતો.

'ખબર છે નાની, શું થયું ? બ્રાઉની છે ને, એ કાદવમાં ફસાઈ ગયો હતો. કેમેય કરીને બહાર નહોતો નીકળતો. એણે જાતે બહાર આવવાની બહુ ટ્રાય કરી. પણ ના થયું. પછી મને થયું કે મારે એને બહાર કાઢવો જ પડશે. નિક્કીએ મને કહ્યું પણ ખરું કે મારા કપડાં બગડશે. પણ હું શું કરું, મારાથી બ્રાઉનીની આવી હાલત જોવાઈ જ નહીં ! બિચારો બહુ સેડ દેખાતો હતો. મને થયું કે બ્રાઉનીને

એના મમ્મી પાસે જવું હશે અને એના મમ્મી પણ એની રાહ જોતા હશે.' ફરી એ વાત યાદ કરીને ઉર્જાની આંખો ભીની થઈ ગઈ.

નાની હસી પડ્યા, 'ઓહ મારી ઉર્જા, એક કૂતરાને કાદવમાંથી બહાર કાઢવા તેં તારું આટલું સરસ ફ્રૉક બગાડ્યું !'

'પણ ફ્રૉક કરતાં તો બ્રાઉનીનું બહાર આવવું મહત્ત્વ હતું ને, નાની.'

ઉર્જાની નિર્દોષ આંખો નાનીને સ્પર્શી ગઈ.

'હા, હા... તેં બહુ સારું કર્યું. ચાલ હવે, જલ્દી જલ્દી માસ્ટર શેફ બનવા તૈયાર થઈ જા' નાનીએ કહ્યું.

'આજે આપણે શું બનાવી રહ્યા છીએ, નાની ?' ઉર્જાએ ઉત્સુકતાથી પૂછ્યું.

'તારી ફેવરિટ, પાઉંભાજી !' નાનીએ કહ્યું.


'વાઉ નાની, હું જલ્દી જલ્દી મારું એપ્રન પહેરીને તૈયાર થઈ જાઉ !' ઉર્જાને કિચનમાં નાનીને હેલ્પ કરવી બહુ જ ગમતી. અને એ નાની પાસે નવી નવી રૅસિપિ પણ શીખતી.



ઉર્જા કિચન તરફ ભાગી અને ત્યારે જ માયામાસી એમના રૂમમાંથી બહાર નીકળ્યા.

'મમ્મી, હું બહારનું એક કામ પતાવીને આવું છું. જમવાના ટાઈમ સુધી આવી જઈશ.' માયાએ કહ્યું.

'બેટા, ઉર્જાથી નારાજ ના થઈશ. એ તો બહુ દિલવાળી છે. બસ એક



કૂતરાને હેલ્પ કરતી હતી.' નાનીએ માયાને સમજાવવાની કોશિશ કરી.

'આને દિલ નહીં, મૂર્ખતા કહેવાય. પહેલા પેલો મિસિસ મહેતાનો કૂતરો માથાનો દુખાવો બની ગયો હતો. અને હવે આ છોકરી ગલીના કૂતરાઓની દોસ્તી કરે છે ! શું કરવું આ બધાનું !' બોલીને માયા ઘરની બહાર નીકળી ગઈ.

નાની અને ઉર્જાએ કિચનમાં કામ શરૂ કર્યું. ઉર્જા શાક ધોઈને સમારવામાં હેલ્પ કરી રહી હતી.

'નાની, આ ટમેટાઓમાંથી તો ગંદી સ્મેલ આવે છે. શું કરું ?'

'ઓહ, હા.' નાનીએ ટમેટા સૂંઘીને કહ્યું. 'ફેંકી દેવા પડશે. પણ હવે તો આપણને ઓછા પડશે. શું કરીશું ? અત્યારે માર્કેટમાં લેવા તો નહીં જવાય.'

થોડું વિચારીને ઉર્જાએ કહ્યું, 'નાની, મહેતા આન્ટીના ગાર્ડનમાં કેટલા બધા ટમેટા ઊગેલા છે. હું એમની પાસેથી લઈ આવું ?'

'ના ઉર્જા. મહેતા આન્ટી સાથે માયામાસીનો ઝઘડો થયો છે. એમના ઘરે ના જઈશ.' નાનીએ કહ્યું.

'પણ ઝઘડો માયામાસીનો થયો છે, મારો તો નથી થયો ને ! મહેતા આન્ટી મને જોઈને હંમેશાં સરસ સ્માઈલ આપે છે. મારાથી તો જવાય ને. પણ નાની, એમનો ઝઘડો કેમ થયો ?' ઉર્જાને જાણવાનું મન થયું.

'અરે, એક કારણ હોય તો તને કહું. પણ આ તો નાની નાની વાતોમાં ઝઘડો થઈ જાય છે. ગયા અઠવાડિયે એમના ઘરે એક પાર્ટી

હતી. મોડી રાત સુધી મોટેથી મ્યૂઝિક વાગતું રહ્યું અને માયાને ઉજાગરો થયો એટલે બીજા દિવસે એને કામ પર જતા મોડું થયું. અને બસ, બેન બગડી પડ્યા મહેતા આન્ટી પર. એમના કૂતરા પ્લૂટોથી પણ માયાને ઍલર્જી છે. અરે, ગાર્ડન એમનું ગંદું હોય અને ઊંચુ-નીચું માયાને થયા કરે.' નાનીના અવાજમાં નિરાશા હતી. ઉર્જા ધ્યાનથી નાનીની વાત સાંભળી રહી હતી અને સાથે સાથે મનમાં કોઈ યોજના ઘડી રહી હતી.

'અરે, હું પણ ક્યાં અત્યારે ઝઘડાની વાતો લઈને બેસી ગઈ. આપણે તો આપણો પ્રૉબ્લેમ સૉલ્વ કરીએ.' નાનીએ ટમેટા કચરાપેટીમાં નાખતા કહ્યું.

'નાની, આપણો પ્રૉબ્લેમ સૉલ્વ થઈ જશે અને માયામાસીનો પણ ! ફ્રિજમાં ગુલાબજાંબુ પડ્યા છે ને, એ લઈને હું મહેતા આન્ટીના ઘરે જાઉં છું.' કહી ઉર્જાએ ગુલાબજાંબુ એક ડબ્બામાં પૅક કર્યા.

માયા ગુસ્સે થશે એનો ડર તો નાનીને લાગ્યો. પણ ઉર્જા તો સારું જ કામ કરવા જઈ રહી છે ને, એમ વિચારીને નાનીએ એને ના રોકી.

ડૉરબેલ ઊંચી હતી એટલે ઉર્જાએ દરવાજાની કડી ઠોકી. આન્ટીએ દરવાજો ખોલ્યો.



'અરે, ઉર્જા તું ? આવ બેટા !' મહેતા આન્ટીએ પ્રેમથી ઉર્જાને આવકાર આપ્યો.

'આન્ટી, નાની અને હું પાઉંભાજી બનાવતા હતા. પણ ટમેટા ખૂટી

પડ્યા. તમારી પાસે એક્સ્ટ્રા ટમેટા છે ?' ઉર્જાએ ધીમા અવાજે પૂછ્યું.

'અરે ઢગલો છે. તું બેસ, હું લઈ આવું.' આન્ટી ખુશ થઈને ઉર્જા માટે ગાર્ડનમાંથી ટમેટા લઈ આવ્યા. ઉર્જાએ આન્ટીને ડબ્બો આપ્યો, 'આન્ટી, માયામાસીએ ગુલાબજાંબુ બનાવ્યા છે. તમારા માટે લાવી છું.' 'માયાએ મારા માટ ગુલાબજાંબુ મોકલાવ્યા ?!' આન્ટી બહુ જ ખુશ થઈ ગયા. અને આન્ટીનો હસતો ચહેરો જોઈને ઉર્જાને પણ દિલમાં ઠંડક થઈ. ભલે મહેતા આન્ટીને ગેરસમજ થઈ કે માયામાસીએ ગુલાબજાંબુ મોકલાવ્યા. ઉર્જાને તો બન્ને વચ્ચે પડેલી તિરાડ જ જોડવી હતી ને.

જતા જતા ઉર્જાએ કહ્યું, 'થેન્ક યૂ આન્ટી, તમે પણ ઘરે આવજો !'

પાઉંભાજી બહુ જ ટેસ્ટી બની અને બધા ધરાઈને જમ્યા. માયાને ખબર પડી કે મહેતા આન્ટીના ઘરેથી ઉર્જા ટમેટા લાવી હતી ત્યારે એ થોડી નારાજ થઈ. પણ વધુ કંઈ બોલી નહીં, કારણ કે બોલીને કંઈ ફાયદો નહોતો. અને આમ પણ એને વહેલું સુઈ જવું હતું. બીજા દિવસ ઑફિસમાં વહેલા જવાનું હતું.



રાતના બે વાગ્યા. અચાનક એક કૂતરો જોરજોરથી ભસવા લાગ્યો.

માયાની આંખો ખૂલી ગઈ, 'શું ત્રાસ છે ! આ કૂતરાઓને ક્યાંક પૂરી દેવા જોઈએ !' કાન પર ઓશીકું મૂકીને માયાએ ઊંઘવાનો પ્રયત્ન કર્યો.

ઉર્જા અને નાનીની આંખો પણ ખૂલી ગઈ. ઉર્જાએ બારીની બહાર નજર કરી અને તરત જ માયામાસીના રૂમમાં દોડી. 'માસી,

માસી, ઊઠો. બહાર બ્રાઉની ભસી રહ્યો છે.'

'ઉર્જા, તું મને અડધી રાત્રે આ કહેવા આવી છે ?' માયા ગુસ્સે થઈને બોલી.



'ના માસી, આપણા ઘરની બહાર સિક્યોરિટી ગાર્ડ સાથે મહેતા અંકલ કોઈ માણસને પકડીને ઊભા છે. લાગે છે કે કોઈ ચોર છે', ઉર્જા હાંફતા હાંફતા બોલી રહી હતી.

માયા એકદમ ઝબકીને ઊઠી. એક શાલ ઓઢીને એ બહાર દોડી. પાછળ નાની અને ઉર્જા પણ આવ્યા. અવાજ સાંભળીને મહેતા આન્ટી પણ બહાર આવી ગયા.

બહાર આવીને ખબર પડી કે એક ચોર માયાના ઘરમા ઘૂસવાની કોશિશ કરી રહ્યો હતો. બ્રાઉનીના અવાજથી મિસ્ટર મહેતા ઊઠી ગયા અને ચોરને પકડી પાડ્યો. થોડી જ વારમાં સિક્યોરિટી ગાર્ડ આવીને ચોરને લઈ ગયા.



'થેન્ક યૂ મિસ્ટર મહેતા, થેન્ક યૂ સો મચ. તમે અમારા ઘરમાં ચોરી થતા રોકી લીધી.' માયાએ દિલથી મિસ્ટર મહેતાનો આભાર માન્યો.

'અરે, થેન્ક યૂ તો આ  કૂતરાને કહેવું જોઈએ ! એણે અવાજ કરીને આપણને ઉઠાડ્યા.' મિસ્ટર મહેતા હસતા હસતા બોલ્યા.

'અંકલ, એનું નામ બ્રાઉની છે !' ઉર્જાએ નીચે બેસીને બ્રાઉનીને થોડું વહાલ કર્યું.

માયાની નજર એના ફોન પર પડી. રાતના ત્રણ વાગ્યા હતા.

'સૉરી, અમારા કારણે આજે તમારી ઊંઘ બગડી. કાલે તમારે કામ પર પણ જવાનું હશે.' માયાના અવાજમાં અફસોસ હતો.

'એમાં શું થઈ ગયું, માયા. પ્રૉબ્લેમ વખતે તો આપણે એકબીજા સાથે રહીએ જ ને !' મહેતા આન્ટીએ માયાના હાથ પર હાથ  મૂકીને કહ્યું.

આ સાંભળીને માયાને બહુ પસ્તાવો થયો. એણે તો ક્યાં ક્યારેય કોઈ બીજાના પ્રૉબ્લેમને પોતાનો પ્રૉબ્લેમ માન્યા હતો ? મહેતા આન્ટીના કારણે પોતાને ઉજાગરો થયો હતો ત્યારે કેટલો મોટો ઝઘડો કર્યો હતો. બીજાના કારણ પોતાને કોઈ પ્રૉબ્લેમ ના થાય, એવી જ રીતે એ પોતાની સેફસાઈડ કરતી હતી.

'યૂ આર રાઈટ.' માયાએ પોતાનો હાથ મિસિસ મહેતાના હાથ પર મૂકીને ધીમા અવાજે કહ્યું.

નાનીએ માયા સામે મીઠી નજરે જોયું. માયાએ નીચે વળીને ઉર્જાના માથે હાથ ફેરવ્યો અને પૂછ્યું, 'ઉર્જા, બ્રાઉનીને ઘરે લઈ જઈને આપણે પાર્ટી આપીએ ?'



# હાર્ટિલી તરફ એક સ્ટેપ

જ્યારથી ક્રિશ અને રિષને 'હાર્ટિલી' વિશે ખબર પડી છે ત્યારથી એમણે રોજ અમુક અમુક ચીજો કરવાની શરૂ કરી છે. જેમ કે,



રોજ રમવા જતી વખતે ક્રિશને કરમાયેલા છોડ દેખાય. રમવાની એટલી ઉતાવળ હોય કે એ ક્યારેય પોતાનો ટાઈમ પ્લાન્ટ્સને પાણી નાખવામાં ના ખર્ચે. પણ હવે એ રોજ ઊભો રહીને પ્લાન્ટ્સને પાણી નાખે છે.

રોજ સાંજે બાંકડા પર એકલા બેઠેલા દાદા સાથે જઈને રિષ વાતો કરે છે.





ક્રિશ પોતાની સહુથી મનગમતી સેન્ડવીચ એના ફ્રેન્ડ્સ સાથે રિસેસમાં શેર કરે છે.

મમ્મી ઑફિસેથી થાકીને આવે ત્યારે રિષ એમના માટે લીંબુ શરબત બનાવે છે.



શું તમે પણ ક્રિશ અને રિષની જેમ 'હાર્ટિલી' તરફ એક સ્ટેપ લેશો ? અમને જણાવો કે હાર્ટિલી તરફ જવા માટે તમે શું કર્યું ? તમારા જવાબોની અમે રાહ જોઈશું.

+91 9313665562

**ચીલીની સિંગિંગ કૉમ્પિટિશનની સવારે આલુ ચીલીના ઘરે આવ્યો છે. પણ એને જોઈને ચીલી ખુશ નથી. એ આલુને કહે છે કે, 'તું કોકોના ઘરે જા !' અને પછી કોઈ કારણ વગર ચીલી મમ્મીને ભેટીને રડે છે. હવે પાર્સલી પાસેથી આગળની વાત સાંભળીએ...**




અમે બધા સાથે કૉમ્પિટિશનની જગ્યાએ પહોંચ્યા. આખા રસ્તે ચીલી કંઈ જ બોલ્યો નહીં. બાકી તો એ કોઈ પણ કૉમ્પિટિશનના દિવસે ગીતો ગાઈને બધાનું માથું દુખાડી દે. અને આલુભાઈ જ્યારે જ્યારે એની સાથે વાત કરવા જાય ત્યારે જ એને ઊંઘ આવી જતી હતી. અમે જેવા તળાવે પહોંચ્યા, સામે કોકો મળ્યો.



મેં અને આલુભાઈએ કોકોને બેસ્ટ ઑફ લક કહ્યું. અને ત્યાં તો ચીલી બોલ્યો, 'હા કોકો, બેસ્ટ ઑફ લક ! તારા ઘરેથી કોઈ

આવ્યું નથી તારી જીત જોવા ? કદાચ એમને પણ ખબર હશે કે તું નહીં જ જીતે !' અને પછી એણે આજના દિવસની પહેલી સ્માઈલ આપી. પણ ખબર નહીં કેમ, મને એની સ્માઈલ જરાય ના ગમી.


આ સાંભળીને કોકોની બદલે આલુભાઈ લાલ થઈ ગયા. આવા લાલ તો વર્ષો પહેલા જ્યારે કીડીમાસીએ આલુભાઈના પગમાં ચટકા ભર્યા હતા ત્યારે થયા હતા. એટલે તરત હું કીડીમાસીને શોધવા માંડ્યો. પણ ત્યાં તો આલુભાઈ બોલ્યા, 'કોણે કીધું કોકો એકલો છે ? હું છું ને એને ચિઅર કરવા. કોકો, તું મસ્ત ગાજે, તું ચોક્કસ જીતીશ !'

આ સાંભળીને ચીલીની આંખમાં એક ડબ્બી મરચું પડી ગયું હોય એવી ફાટીને લાલ થઈ ગઈ.



કોકો તો રડીને ત્યાંથી જવા માંડ્યો. આલુભાઈ એની પાછળ ગયા. અને હું ચીલીને બેસ્ટ ઑફ લક કહેવા ફર્યો અને એની પાંખ સાથે અથડાયો. એની પાંખથી હું સખત દાઝી ગયો. મને થયું, ચીલીને તાવ આવે છે ? એ આટલો ગરમ કેમ છે ? એણે મને જોરથી ધક્કો માર્યો અને એ ત્યાંથી જતો રહ્યો.

મેં મમ્મી સામે જોયું. જાણે કીડીમાસીએ એમને પણ ચટકા ભર્યા હોય એવું એમનું મોઢું થઈ ગયું હતું. હું પછી આલુભાઈની પાસે ગયો ત્યાં મેં આલુભાઈને કોકો સાથે વાત કરતા સાંભળ્યા.




એમની વાત પતી એટલે મેં એમને પૂછ્યું, 'ને ચીલી ?' અને અમે બન્ને કૉમ્પિટિશન પહેલા ચીલી સાથે વાત કરવા ગયા. પણ ચીલી અમને જોઈને એટલો ગરમ થઈ ગયો કે એણે કહી દીધું, 'અહીંયા કેમ આવ્યા છો ? કોકો પાસે જાવ. અને આલુ, હું આપણા ફ્રેન્ડશિપનું સૉંગ નથી ગાવાનો !' આલુભાઈ એને કંઈ જવાબ આપે એ પહેલા તો એ ઊડીને જતો રહ્યો.

ચીલીની વાત સાંભળીને મારા પીંછા ખરી ગયા, એણે જે સૉંગ મહિનાથી તૈયાર કર્યું હતું એ હવે ગાવાની ના પાડતો હતો.



આલુભાઈએ મને જોરથી દબાવી દીધો અને કહ્યું, ‘કૉમ્પિટિશનમાં ગમે તે થાય, કૉમ્પિટિશન પતે પછી આપણે થીઓના કૅફે પર મોટી પાર્ટી કરીશું અને બધું સરસ થઈ જશે.’ પાર્ટીની વાત સાંભળીને મને મજા પડી ગઈ.

ચીલીએ સ્ટેજ પર આવીને જે ગાયું એ સાંભળીને તો મને હસવું જ આવી ગયું, ‘માછલી જલ કા રાણી છે, જીવન ઉસકા પાણી છે, હાથ લગાવો બી જાયેગી, બહાર કાઢો ગુજર જાયેગી !’ મારું અને હરીફાઈ જોવા આવેલા બધાનું હસી હસીને પેટ દુખી ગયું. ચીલીને પોતાને ખબર નથી, કે એને હિન્દી નથી આવડતું. જો કે આ જૉક્સ કૉમ્પિટિશન હોત તો ચીલી જીતી જાત !

પણ આનું રિઝલ્ટ શું આવશે એ તો હવે બધાને ખબર હતી. બધાને હસતા જોઈને ચીલીએ આલુભાઈ સામે જોયું. આલુભાઈ જરાય હસતા નહોતા. અને તો પણ ચીલી એકદમ ગુસ્સાથી એમની સામે જોતો હતો. પછી એ તો રિઝલ્ટની રાહ જોયા વગર જ ત્યાંથી જતો રહ્યો.

**ચીલીએ કેમ સૉંગ બદલી કાઢ્યું ? કૉમ્પિટિશન પહેલા પાર્સલી અને આલુ, ચીલીને શું કહેવા ગયા હતા ?**


મેજિક ડ્રાઈવર
SCHOOL BUS
બસનું બારણું ખૂલ્યું અને સહુથી પહેલા રોન અંદર કૂદ્યો. એણે પોતાની મનપસંદ વિન્ડો સીટ લઈ લીધી.
SCHOOL BUS
ધીરે ધીરે એક પછી એક બધા હસતા ચહેરાઓ બસમાં દાખલ થયા. સહુથી છેલ્લે ડોલતો ડોલતો કોકો પ્રવેશ્યો અને છેલ્લી સીટ પર ગોઠવાઈ ગયો.
ટુરનું પહેલું સ્ટેપ ડીંગલીંગ મ્યૂઝિયમ છે. પછી કાલે વહેલી સવારે ઝોરો પર્વત પર જવા નીકળીશું. પણ સહુથી પહેલા આપણે મેકઝીનાલ્ડમાં બર્ગર્સ ખાઈશું.


થોડી વાર રહીને અચાનક બસ ઊભી રહી ગઈ.
ઓહ નો ! બસ બગડી ? મને તો ભૂખના કારણે ચક્કર આવે છે. કોઈની પાસે કંઈ નાસ્તો છે ?
રોને ધીરેથી પોતાની બેગની ચેઈન ખોલી અને ફટ્ટ દઈને બંધ કરી દીધી.
હું મારો નાસ્તો બનીને શું કામ આપું ? પછી મને ભૂખ લાગશે તો ?
ત્યાં તો બસ શરૂ થઈ ગઈ. મેકઝીનાલ્ડમાં બનીએ પેટ ભરીને ખાધું. પછી બધા ડીંગલીંગ મ્યૂઝિયમ પહોંચ્યા.


મ્યૂઝિયમની એન્ટ્રી પર બધાની બૅગ સ્કૅન થઈ.
Entry
આ બધો નાસ્તો અંદર નહીં લઈ જવાય.
રોન, તારી પાસે આટલો બધો નાસ્તો હતો તો પણ તેં મને ના આપ્યો ?
મને યાદ જ ના રહ્યું બની.
હવે હું પણ તને હેલ્પ કરવાનું યાદ નહીં રાખું.
રાત્રે બધા જ એક્સાઈટેડ હતા...
સાંભળ્યું છે કે ઝોરો પર્વત એકદમ જાદુઈ છે !
અને સખત બ્યૂટીફૂલ પણ ! પર્વતની અંદર રસ્તાઓ છે. મારાથી તો કાલ સવારની રાહ પણ નથી જોવાતી.



બીજા દિવસે ઝોરો પર્વતની તળેટીમાં,
ZORO Mountain
Tricycles
આપણે ટાઈમસર અહીં પહોંચી ગયા છીએ. ટ્રાઈસિકલના ઉપયોગથી આપણે પર્વતની ટોચ પર જઈશું.
ઝોરો પર્વત પર એક મૅજિક છે. બાર વાગ્યા પહેલા જે પર્વતની ટોચ પર પહોંચે, તેને પર્વતના દેવતા આવીને 'બધી જ જગ્યાએ જીતવાના' આશીર્વાદ આપે.
બધા જ ખુશ થઈને ટોચ પર પહોંચવા તૈયાર થઈ ગયા.
રોને સહુથી સારી ટ્રાઈસિકલ પસંદ કરી અને કોકોના ભાગે ખરાબ આવી.


કોકો, તું મને ઉપર લઈ જઈશ ? મારાથી ટ્રાઈસિકલ નહીં ચલાવાય.
શ્યોર કિયાન.
થોડી વારમાં,
હેં ! આપણે અહીં હાંફી હાંફીને થાકી ગયા અને આ જાડિયો આપણાથી આગળ કેવી રીતે નીકળી ગયો ? એની ટ્રાઈસિકલમાં મૅજિક હશે. આપણે એ ટ્રાઈસિકલ લઈ લઈએ ?
રોને કોકોને રોક્યો.
કોકો, પ્લીઝ થોડી વાર માટે તારી ટ્રાઈસિકલ અમને આપીશ ? અમે બહુ જ થાકી ગયા છીએ અને તારી ટ્રાઈસિકલ બહુ જ ફાસ્ટ ચાલે છે.


હા, હા, રોન તમે લોકો લઈ લો.
પણ થોડી વારમાં તો કોકો ફરી આગળ નીકળી ગયો.
કોકો અને કિયાનને દેવતાના આશીર્વાદ મળ્યા. રોન બાર વાગ્યા પછી ટોચ પર પહોંચ્યો.
કોકોની ટ્રાઈસિકલમાં મૅજિક હતું ને ? એટલે જ એ વહેલો પહોંચી ગયો !


પણ ટ્રાઈસિકલ બદલ્યા પછી પણ એણે ફાસ્ટ કેવી રીતે ચલાવ્યું ?
ટ્રાઈસિકલનું મૅજિક ખરેખર એના ડ્રાઈવર પાસે હોય છે. જે દિલવાળો હોય એની ટ્રાઈસિકલ વગર મહેનતે જ ફુલ સ્પીડમાં ચાલે.
પણ જે હંમેશાં પોતાનું જ વિચારે, એ તો મહેનત કરી કરીને થાકી જાય તો પણ ટોચ પર ટાઈમસર ના પહોંચી શકે.
ઓહ !! હવે તો કોકો બધી જ જગ્યાએ જીતી જશે. પણ અમારું શું ?
આજે ભલે ના પહોંચાયું, પણ આગળ જતા હાર્ટને તમારો ડ્રાઈવર રાખશો તો બધે જ જીતી જશો.


# ચાલો રમીએ...


**નીચે આપેલી વસ્તુઓ ચિત્રમાં ક્યાં છે એ શોધો.**






# ચિત્ર જોઈને બોક્સમાં ☑ કરો હાર્ટિલી છે કે બુદ્ધિવાળું.














આ વર્ષે હોળીમાં ડીડીમા જંગલમાં કંઈક એવું બન્યું કે થીઓ એન્ડ ફ્રેન્ડ્સે ગુલ્લુ, ટોરો, ફુફુ અને મોમો સાથે વાતો કરવાનું સાવ બંધ જ કરી દીધું. ‘હૅપી હોળી’ તો બાજુએ રહ્યું, હોળીના દિવસે કોઈએ એકબીજા સામે જોયું પણ નથી.

બન્યું એવું કે મોમોના મામાએ બધા માટે પિચકારીઓ ને રંગ મોકલાવ્યા. ધૂળેટીના દિવસે બધાએ સાથે મળીને હોળી રમવાનો પ્લાન બનાવ્યો. પણ હોળીના દિવસે,

રીઝો : મોમો, તું સારી પિચકારીઓ તારા ફ્રેન્ડ્સ ગુલ્લુ, ટોરો અને ફુફુને જ આપે છે. અમને કેમ નથી આપતો ?

મોમો : મેં ક્યાં એવું કર્યું છે ? તને તો બધું ઊંધું જ દેખાય છે. અને બસ, પછી ઝઘડો થઈ ગયો શરૂ. ઝઘડો ત્યાં સુધી વધી ગયો કે ‘ગુડી પડવા’ના તહેવાર પર મુંબઈ જવા માટે રીઝોએ બધાની સગવડ કરી, સિવાય કે મોમો, ગુલ્લુ, ટોરો અને ફુફુ. જંગલમાં બે ગ્રુપ્સ પડી ગયા.

ધૂળેટીની રાત્રે ઝોઈએ રીઝો, થીઓ અને જીફ્ફી માટે મસ્ત ડિનર બનાવ્યું. ડિનર પછી બધાને ઠંડું ઠંડું કેસર-પીસ્તા-બદામવાળું મસાલા દૂધ આપ્યું. અને બસ, દૂધ પીને જીફ્ફીની આંખોમાંથી જે આંસુની



ધારા વહેવા લાગી એ ઘણા ટાઈમ સુધી બંધ જ ના થઈ.

ઝોઈ : શું થયું જીફફી ?

જીફફી : દૂધ પીને પેલી સ્ટોરી યાદ આવી ગઈ.

રીઝો : કઈ ?

જીફફી : પારસીઓની સ્ટોરી. ખબર છે, એ લોકો તેરસો વર્ષ પહેલા ઈન્ડિયા આવ્યા હતા. ગુજરાતમાં સંજાણ નામનું એક ગામ છે, ત્યાં એ બધા ઊતર્યા. એ વખતે જાદી રાણા નામના રાજા રાજ કરતા હતા. પારસીઓના લીડરે અમુક લોકોને રાજા પાસે મોકલ્યા અને પૂછાવ્યું, 'રાજાજી અમને અહીં રહેવા દેશો ?'

રાજાએ જવાબમાં એક દૂધથી છલોછલ ભરેલો ગ્લાસ મોકલ્યો.

આ જોઈને લીડર સમજી ગયા કે રાજા એવું કહેવા માગે છે કે અહીં વસ્તી વધારે છે એટલે નવા લોકોને વસાવી નહીં શકીએ.



લીડર બહુ જ સમજદાર હતા. એમણે એ જ ગ્લાસમાં ધીરે ધીરે સાકર નાખી. સાકર દૂધમાં ઓગળી ગઈ. એ ગ્લાસ લઈને પારસીઓ ફરી રાજા પાસે ગયા. રાજા ચતુર હતા. એમણે દૂધ ચાખી જોયું. મીઠું લાગ્યું. રાજા સમજી ગયા કે પારસીઓ એમ કહેવા માગે છે કે, 'અમે દૂધમાં સાકરની જેમ ભળી જઈશું.' રાજા ખુશ થઈ ગયા અને પારસીઓને રહેવાની છૂટ આપી. ત્યારબાદ પારસીઓ હંમેશાં બધા સાથે શાંતિ અને પ્રેમથી રહેવા લાગ્યા.

જીફ્ફીએ રડતા રડતા કહ્યું, 'પારસીઓ કેટલા પ્રેમથી રહ્યા અને આપણે...'

રીઝો : મારે મોમો સાથે ઝઘડો નહોતો કરવો જોઈતો. હોળી રમવામાં એમની સાથે જૉઈન થઈ જવું જોઈતું હતું.

ઝોઈ : હા, મેં આજે ડિનર માટે એમને ઈન્વાઈટ પણ ના કર્યા.

જીફ્ફી : એમને જૉઈન કરવાનો એક ચાન્સ હજુ પણ આપણી પાસે છે.

રીઝો : યસ, ગુડી પડવો ઉજવવા આપણે બધા સાથે જ મુંબઈ જઈશું. હું બધા માટે સગવડ કરી દઉં છું.



# Summer Camp

# બાળકો માટે સંસ્કાર સિંચન શિબિર વર્ષ ૨૦૨૫

| | ૪ થી ૭ વર્ષ | | ૮ થી ૧૨ વર્ષ | |
|---|---|---|---|---|
| સેન્ટર | તારીખ | સંપર્ક નંબર | તારીખ | સંપર્ક નંબર |
| સીમંધર સીટી | ૧૩ એપ્રિલ | ૯૩૧૩૬૬૫૫૬૨ | ૨૦ એપ્રિલ | ૯૩૧૩૬૬૫૫૬૨ |
| અમદાવાદ | ૩૦ માર્ચ<br>૧૯ એપ્રિલ | ૮૧૬૦૬૨૮૪૭૩ | ૨૩ માર્ચ<br>૨૦,૨૧ એપ્રિલ | ૯૯૨૫૦૯૪૦૪૯ |
| અમરેલી | - | - | ૨૭ એપ્રિલ | ૯૪૦૮૮૯૮૭૯૨ |
| બરોડા | ૨૦ એપ્રિલ | ૯૭૧૨૯૮૧૫૧૫ | ૮ જૂન | ૯૯૯૮૦૦૮૪૩૫ |
| ભરૂચ | - | - | ૨૭ એપ્રિલ | ૮૩૨૦૭૧૦૬૮૮ |
| ભાવનગર | ૬ એપ્રિલ | ૯૪૦૯૪૬૭૧૮૧ | ૧૮ મે | ૯૫૫૮૮૬૦૨૫૯ |
| ભુજ | ૨૦ એપ્રિલ | ૮૪૬૧૭૩૯૬૧૨ | ૨૭ એપ્રિલ | ૯૪૦૮૨૪૬૪૮૦ |
| ધોરાજી | - | - | ૨૦ એપ્રિલ | ૯૫૭૪૦૪૬૦૮૨ |
| ગાંધીધામ | - | - | ૨૦ એપ્રિલ | ૯૪૨૮૩૧૦૭૮૭ |
| જામનગર | ૨૦ એપ્રિલ | ૯૭૨૩૧૪૭૩૧૮ | ૨૭ એપ્રિલ | ૯૭૨૩૧૪૭૩૧૮ |
| જુનાગઢ | - | - | ૧૮ મે | ૭૯૮૪૩૧૩૩૯૭ |
| મહેસાણા | ૧૮ એપ્રિલ | ૮૪૬૯૨૬૪૬૦૫ | ૨૭ એપ્રિલ | ૯૪૨૭૬૫૦૩૮૨ |
| મોરબી | ૧૮ એપ્રિલ | ૯૭૨૫૧૯૯૧૪૪ | ૨૭ એપ્રિલ | ૯૯૭૮૬૩૩૦૩૫ |
| મુંબઇ | બોરીવલી - ૧૨ એપ્રિલ<br>મુલુંદ - ૧૨ એપ્રિલ<br>ઘાટકોપર - ૧૩ એપ્રિલ | ૮૬૫૨૮૯૦૦૬૬ | ૧૨, ૧૩ એપ્રિલ | ૯૮૨૦૧૬૧૭૧૦ |
| રાજકોટ | ૨૦ એપ્રિલ | ૮૮૪૯૦૪૩૩૬૨ | ૧૮ મે | ૭૭૭૯૦૨૩૭૨૬ |
| સુરત | ૩૦, ૩૧ માર્ચ | ૯૮૨૫૨૩૩૫૫૯ | ૨૦ એપ્રિલ | ૯૫૭૪૦૦૮૪૯૮ |
| વિજાપુર | - | - | ૪ મે | ૮૧૪૧૪૬૧૬૮૨ |
| વેરાવળ | ૩૧ માર્ચ | ૮૯૮૦૪૮૩૬૮૩ | ૧૬ મે | ૯૭૧૨૧૯૧૮૮૭ |

૧. સમરકેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.

૨. રજીસ્ટ્રેશન માટે બાળકની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઇ છે તે મુજબ થશે. જે તે સમર કેમ્પની તારીખના ૫ દિવસ અગાઉ રજીસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યારબાદ રજીસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.

૩. સીમંધર સીટી સમરકેમ્પ માટે રજીસ્ટ્રેશન ત્રીમંદિર સંકુલના 'સ્ટોર ઓફ હેપ્પીનેસ' પર સાંજે ૫:૦૦ થી ૬:૩૦ દરમ્યાન જે તે સમરકેમ્પના ૫ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઇ શકશે. આ રજીસ્ટ્રેશન ૨૨ માર્ચ થી શરૂ થશે. સંપર્ક સૂત્ર ૯૩૧૩૬૬૫૫૬૨

DBF • અડાલજ